## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**ગુરુજી... સાંભળી લો... તમારી પાસેથી ચાર વર્ષ જ્ઞાન લઉં છું પરંતુ કાંઇ થતું નથી... તો... મોબાઈલ પોર્ટેબીલીટીની જેમ ગુરુ - પોર્ટેબીલીટીનો કાયદો વાપરીને બીજે જતો રહીશ...**

# હાઉસીંગના મકાનો ઈમ્પેકટ ફી વસુલી નિયમિત કરવા માટે રહીશોની રજુઆત

ગાંધીનગર તા ૧૯

ગુજરાત હાઉસીંગ બોર્ડના રહેણાંક મકાનોને પણ ઈમ્પેક્ટ ફી વસુલી રેગ્યુલરાઈઝ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. એપલેટ કચેરીમાં અરજદારોના કેસ પેન્ડીંગ છે. ત્યારે અરજદારો દ્વારા જરૂરી એન ઓ સી રજુ કરી દેવાયા બાદ પણ કેસોનો નિકાલ આવતો નથી. હાઉસીંગના રહીશો દ્વારા આ મામલે ત્વરિત કાર્યવાહી હાથ ધરવા પણ રજુઆતમાં જણાંવાયુ છે.

ગાંધીનગરમાં અગાઉ સેકટરોમાં સ્થિત રહેણાંક મકાનોના બાંધકામને રેગ્યુલરાઈઝ કરવા

## એપલેટ કચેરીમાં પેન્ડીંગ કેસોની સંખ્યા વધુ ત્વરિત નિરાકરણ આવતુ નથી

માટે ગુડા દ્વારા ઈમ્પેક્ટ ફી વસુલવાની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. જો કે છેલ્લા ઘણાં સમયથી ઈમ્પેકટ ફી વસુલી બાંધકામને નિયમિત કરવાની કામગીરી જાણે ઠપ્પ થઈ ગઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. બીજીતરફ સે-૨૪,૨૭,૨૧,૩૦,૨૫માં સ્થિત હાઉસીંગના મકાનો પણ ઈમ્પેકટ ફી હેઠળ આવરી લેવામાં ન આવતા રહીશોમાં રોષ પ્રવર્તયો છે. આ મામલે અગાઉ ગુડાએ અરજદારોની રજુઆત ન સ્વીકારતા રહીશો દ્વારા જી યુ ડી સી માં એપલેટ કચેરીમાં અપીલ કરવામાં આવી હતી. આ દરમિયાન અરજદારો દ્વારા એન ઓ સી પણ રજુ કરી દેવામાં આવ્યુ છે. કચેરીમાં માત્ર એક જ એપલેટ ઓફિસર હોવાથી કેસોના ઢગલા થતા જાય છે. પેન્ડીંગ કેસોનુ નિરાકરણ આવતુ નથી. આ મામલે હાઉસીંગના રહીશોએ રજુઆતમાં જણાંવ્યા મુજબ હાઉસીંગના કીસ્સામાં પણ ઈમ્પેકટ ફી વસુલીને તમામ કેસોને રેગ્યુલરાઈઝ કરી દેવા ત્વરિત પગલા લેવાની અનિવાર્યતા છે. એપલેટ કચેરી કક્ષાએથી કેસોનો ઝડપી નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે સ્વાગત ઓન લાઈન બાદ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે સ્વચ્છતા મિશનની કામગીરીનો રિવ્યુ આરંભતા તંત્રના અધિકારીઓ ઊંઘતા ઝડપાયા હતા.

● ગાંધીનગર જિલ્લા અને શહેર ભાજપના કાર્યકરો આજે પ્રદેશ પ્રમુખની તાજપોશી પછી સીધા પેથાપુર નગરપાલિકાના પ્રચાર અભિયાનમાં જોડાયા હતા.

● પ્રદેશ ભાજપના પ્રમુખની તાજપોશી દરમ્યાન પાકીટો ગુમ થવાની ફરિયાદો પણ ઉઠી હતી.

● ગુજરાત વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિની આજે બેઠક મળી હતી.

● ગાંધીનગર જિલ્લાનું તંત્ર આજે ત્રીજો શનિવાર હોવાથી વિવિધ બેઠકોમાં વ્યસ્ત રહેશે.

● ગાંધીનગર શહેર કોંગ્રેસના ૫૦થી વધુ કાર્યકરો બારેજા નગરપાલિકાની ચૂંટણીમાં પ્રચાર માટે ગયા છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં કોન્યુનિકેશન સિસ્ટમ ટાટાફોનની આજે મોટાભાગની કાર્યરત થઈ જતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

# પેથાપુરમાં ચૂંટણી પ્રચાર પૂર્ણ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક આવેલ પેથાપુર નગરપાલિકાની ચૂંટણી પ્રચારનો આજે છેલ્લો દિવસ હતો. ચૂંટણીમાં ઉભા રહેલા ઉમેદવારોએ આજે સાંજે ૫.૦૦ કલાક પહેલા ચૂંટણી પ્રચાર પૂર્ણ કરી દીધો હતો. આગામી તા. ૨૧ ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૮ થી ૫ કલાક દરમિયાન મતદાન યોજાશે.

ચૂંટણી આયોગની સૂચના અનુસાર મતદાન કરવા માટે ચૂંટણી કાર્ડ અને અન્ય ૧૩ પુરાવા માન્ય રાખેલ છે. તે લઈ જઈને મતદાર મતદાનયાદીમાં નામ હોય તો મતદાન કરી શકે છે.

ચૂંટણીને અનુલક્ષી તંત્ર દ્વારા કંટ્રોલરૂમ ચરેડી કુમાર શાળા પેથાપુર ખાતે રાખવામાં આવ્યો છે. જેનો ફોન નં. (૦૭૯) - ૨૩૨-૧૫૦૨૯ છે. પેથાપુર પાલિકાની ચૂંટણીને લઈ આજે ચૂંટણી અધિકારી રાકેશ વ્યાસે પેથાપુર ગામનો રાઉન્ડ લીધો હતો. જ્યારે સરકારીતંત્ર દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હતો.





(તસવીર : દિપક જાની)

વસંતના વધામણા : શહેરની જાણીતી સંગીત સંસ્થા શિવરંજની દ્વારા વસંતના વધામણાનો સંગીતમય કાર્યક્રમ ગુરુવારે યોજાયો હતો. વસંતના વધામણા રૂપે હિન્દી - ગુજરાતી ગીતોનો ગુલદસ્તો વેલકમ વસંત - સુરો કે સંગનો સુંદર કાર્યક્રમ માણવા ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ગઝલ સમ્રાટ અમૃત ઘાયલ જન્મ શતાબ્દી વંદના અંતર્ગત વકતવ્ય

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૧મી ફેબ્રુઆરીના રોજ સેકરટ-૨૩ બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પસ ખાતે 'સાહિત્યિક પરિસંવાદ ૨૦૧૬'કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગઝલ સમ્રાટ અમૃત ઘાયલની જન્મ શતાબ્દી વંદના અન્વયે તેમના જીવન અને કવન અંગે 'શબ્દસર' સાહિત્યિક માસીકના સંપાદક અને વિવેચક પ્રા. નિસર્ગ આહિર વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉએ જણાવ્યુંછે.

# પ્રધાનમંત્રી-મુખ્યમંત્રી ભીડ એકત્ર કરવા વહીવટી તંત્રનો દુરપયોગ ન કરી શકે : નિશીત વ્યાસ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાતમાં ભાજપની જેવી પોલ ખુલી હતી તેવી પોલ હવે આખા દેશમાં ખુલી રહી હોવાનો આક્ષેપ કરી કોંગ્રેસના મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ ૧૩ વર્ષ શાસન કર્યુ હતુ અને તેમની સભાઓમાં ભીડ એકત્ર કરવા વહીવટી તંત્રનો દુરપયોગ કર્યો હતો તેવો દુરપયોગ હવે બેફામ બનીને તેઓ આખા દેશમાં કરી રહ્યા છે. જે અયોગ્ય છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની પણ એવી રાજકીય તાકાત નથી કે તેમની કોઈપણ સભામાં તેઓ ભીડ એકત્ર કરી શકે, તેથી તેઓએ પણ મોદીની જેમ રાજ્યના વહીવટીતંત્રનો તેમજ જિલ્લા વહીવટીતંત્રનો દુરપયોગ કરવાનું શરૂ કર્યું છે.

કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તાશ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે ગુજરાતમાં જ્યારે મોદી હતા ત્યારે તેમના સંમેલનોમાં ભીડ એકત્ર કરવા પ્રદેશ ભાજપે કોઈ મહેનત કરી ન હતી. મોદીએ જિલ્લા વહીવટી તંત્રને સૂચના આપી રાખી હતી કે પાર્ટી, સરકાર કે ચૂંટણીની કોઈ સભા હોય ત્યારે તેમણે ભીડ એકત્ર કરવી, જો તેમ ન થાય તો જે તે જિલ્લા કલેકટરની બદલી થઈ જતી હતી. ગુજરાત એસટી નિગમના બીલો ચેક કરવામાં આવે તો સરકારી કે પાર્ટીના કામમાં કેટલી બસોમાં ડિઝલના ધુમાડા થયા તેની ખબર પડે, હવે આવું કામ હાલના મહિલા મુખ્યમંત્રી શિખી ગયા છે તેથી તેઓ પણ વહીવટીતંત્રને ભીડ એકત્ર કરવાનો આદેશ કરે છે. ગુજરાતમાં જ્યારે વિધાનસભાની ચૂંટણી યોજાતી હતી ત્યારે ગુજરાત કોંગ્રેસે ચૂંટણી પંચને વહીવટી તંત્રના દુરપયોગની અનેક ફરિયાદો કરી હતી. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીમાં પણ મુખ્યમંત્રી વહીવટી તંત્રના કર્મચારીઓને ભીડ એકત્ર કરવાની સૂચનાઓ આપે છે.




ગાંધીનગરના જાણીતા હાસ્યકવિની પૌત્રી વિકસા સચિન ભટ્ટે જુનિયર સ્પોર્ટસ ઈન્ડિયા દ્વારા આયોજીત જુનિયર ઓલમ્પિક-૨૦૧૬માં ૭૦ મીટરની હોડમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે. દિલ્હી સ્થિત વંદના ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-૩માં અભ્યાસ કરતી વિકસાએ ૩૦ શાળાઓની સ્પર્ધા વચ્ચે ગોલ્ડ મેડલ મેળવી ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

# બોરસદમાં ઘર્ષણ બાદ સ્થિતિ હવે સુધારા પર

અમદાવાદ, તા. ૧૯

બોરસદના પામોલ રોડ પર જમીન ખાલી કરવાના મુદ્દે ગુરુવારે હિંસા થયા બાદ આજે સ્થિતિમાં સુધારો થયો હતો. મોટી સંખ્યામાં પોલીસ કાફલો આજે પણ તૈનાત રાખવામાં આવ્યો હતો. બીજી બાજુ આ બનાવના સંદર્ભમાં બોરસદ શહેર પોલીસ દ્વારા ૨૧ લોકો સામે હિંસાનો ગુનો દાખલ કર્યો છે. મહિલાઓ સાથે પણ ખરાબ વર્તન ટોળા દ્વારા કરવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા હવે પુછપરછનો દોર હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. મહિલાઓ સાથે ખરાબ વર્તનના લીધે દહેશત પણ ફેલાઈ ગઈ હતી. જમીન ખાલી કરવાના મુદ્દે એકાએક હિંસા ભડકી ઉઠી હતી.

# વર્ષોથી સ્વખર્ચે ડાયાલીસીસ કરાવતા દર્દીઓ

## એપોલો હોસ્પિટલ ખાતે ડાયાલીસીસના દર્દીઓને સામાન્ય જીવન કેવી રીતે જીવી શકાય તેનું માર્ગદર્શન અપાયું હતું

ગાંધીનગર, તા. ૧૯

રમવાની અને ભણવાની ઉંમરે ૧૫ વર્ષીય કિશોરની કિડની ખરાબ થઈ જતા ડાયાલીસીસ પર સામાન્ય જીવન જીવી રહ્યો છે. આ કિશોર નોકરી કરીને ડાયાલીસીસનો ખર્ચ ઉઠાવી રહ્યો છે. તેમ એપોલો હોસ્પિટલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. કવિતા પરિહારે જણાવ્યું હતું. એપોલો હોસ્પિટલ ખાતે કિડનીના રોગથી વર્ષોથી પિડાતા દર્દીઓ ડાયાલીસીસ પર હોવા છતાં સામાન્ય જીંદગી જીવી રહ્યા છે. કિડનીના રોગોમાં ડાયાલીસીસ વિશે જાગૃકતા કેળવવા આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દર્દીઓ અને તેના સ્વજનો સહિત મોટી સંખ્યામાં ડૉક્ટરો હાજર રહ્યા હતા.



આ કાર્યક્રમમાં સફળ ડાયાલીસીસની યોગ્ય પ્રક્રિયા અંગે કન્સલ્ટન્ટ નેફ્રોલોજિસ્ટ અને ટ્રાન્સપ્લાન્ટ ફિઝેશિયન ડૉ. કવિતા પરિહારે કહ્યું હતું કે 'ડાયાલીસીસ ખાનપાનમાં કેટલાક પ્રતિબંધો અને દવાઓ સાથે સામાન્ય જીવન જેવું જ જીવન જીવવામાં મદદ કરે છે. એ માટેનું સારૂ કેન્દ્ર માત્ર પર્યાપ્ત અને ગુણવત્તાયુક્ત ડાયાલીસીસ આપતું નથી પણ તે સાથે દર્દીને સુરક્ષીત રાખે છે અને હોસ્પિટલમાંથી અન્ય કોઈ ચેપ ન લાગે એ માટે સુરક્ષીત હોય છે.'

ડાયાલીસીસ પ્રક્રિયામાં સ્વચ્છતા સૌથી વધુ જરૂરી હોય છે અને એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે દર્દીને ડાયાલીસીસ સેન્ટરમાં કોઈ ચેપ ન લાગે. ડૉ. પરિહારે કહ્યું હતું, 'અપોલો હોસ્પિટલ્સ, અમદાવાદ ખાતે ડાયાલીસીસ ઉત્તમ સ્વચ્છતાની સ્થિતિમાં કરવામાં આવે છે. અપોલોમાં એ સિદ્ધાંત છે કે દર્દીને હિપેટાઈટીસ બી અને સી જેવા હોસ્પિટલ એકવાયર્ડ કોઈ ચેપ ન લાગે.'

હાર્દિક નામના કિશોરની વય માત્ર ૧૫ વર્ષ હતી અને તેની બંને કિડની ફેઈલ થઈ ગઈ હતી, તેને બંનેમાં લોઅર લિમ્બનો અભાવ હતો અને પરિવાર પણ આર્થિક રીતે સંપન્ન નહોતો. તેના પિતા સામાન્ય નોકરી કરતા હતા અને માંડ ગુજરાન ચલાવતા હતા જ્યારે તેની માતાનું થોડા વર્ષો પહેલા અવસાન થયું હતું. આવા સંજોગોમાં કોઈપણ વ્યક્તિનો આત્મવિશ્વાસ ડગમગી જાય અને જીવનની આશા મરી પરવારે પણ હાર્દિકે પોતે એક નાની નોકરી શરૂ કરી અને રીક્ષાથી અવરજવર કરીને પોતાના ડાયાલીસીસ માટેનો ખર્ચ છેલ્લા ૧૦ વર્ષથી ઉઠાવી રહ્યો છે. જેનાથી તેના જીવનમાં હવે નવી આશા પણ સર્જાઈ છે.

હોસ્પિટલ દ્વારા આવા સફળ કેસોમાં અન્ય દર્દીઓમાં સામેલ મહેન્દ્ર, શશી અને સિદ્ધાર્થની પણ વાત કરવામાં આવી હતી. જેઓ તેમની કિડની ફેઈલ છે એ જાણીને હચમચી ગયા હતા અને તેઓ આજે માને છે કે કિડની ફેઈલ થવી એ જીવનનો અંત નથી અને દર્દીઓ કિડની ફેઈલ થયા બછી પણ હેમોડાયાલિસીસ કરાવીને સ્વચ્છ જીવન જીવી શકે છે. આ તમામ દર્દીઓ આજે સામાન્ય પ્રોડકટીવ અને સ્વતંત્ર જીવન જીવે છે.

# અસરગ્રસ્તો રહે છે તે જ વિસ્તાર વિકાસથી વંચિત છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર માટે જમીન ગુમાવનારા ખેડૂતો જે વિસ્તારમાં વસવાટ કરે છે તેવા સે. ૨૬ અને ૨૭ને જ શહેરની સુવિધાઓથી વંચિત રાખી અને અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનો ગંભીર આક્ષેપ કોંગીના કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડ્યાએ કર્યો છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ તથા પ્રભારી મંત્રી શ્રી નીતિન પટેલને પાઠવેલા એક પત્રમાં ગાંધીનગર શહેરના સીમાડે આવેલા આ સેક્ટરોને કરાયેલ અન્યાયને વાચા આપતાં શ્રી પંડ્યાએ જણાવ્યુંછે કે અહિ વાહન-વ્યવહાર સ્થાપિત કરવામાં આવ્યો નથી તો શિક્ષણ સંકુલ પણ સ્થાપવામાં આવ્યા નથી. વાણિજ્ય વિસ્તાર પણ અવિકસીત રહેવા પામ્યો છે. ત્યારે આંતર માળખાકીય સુવિધાઓને અગ્રતા આપવામાં આવે તેવી માંગ કરી છે.

સે. ૨૬, ૨૭, ૨૮ની અંદર આંતરિક માર્ગો કે સફાઈની બીજી કોઈ વ્યવસ્થા કરવામાં કોર્પોરેશન તદન નિષ્ફળ ગઈ છે. ડોર ટુ ડોર કલેક્શનમાં પણ કાયમી કચરો ઉપાડવામાં આવતો નથી. તેમજ

## કોંગી કાઉન્સીલર હર્ષજીત પંડ્યાએ સે. ૨૬, ૨૭ અને ૨૮માં આંતર માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં તંત્રની નિષ્ફળતા અંગે મુખ્યમંત્રી અને પ્રભારી મંત્રીને પત્ર પાઠવ્યો

બગીચાની વાત કરીએ તો સે. ૨૬ ખાતે એક પણ બગીચો ડેવલપ કરવામાં આવ્યો નથી. કે જ્યાં વૃદ્ધોને બેસવા માટે કે બાળકોને રમવા માટેની કોઈ નવી વ્યવસ્થા કરવામાં આવી નથી. સે. ૨૭ના બગીચાને નવી કરવાની વાતમાં ફક્ત સોલાર લાઈટ અને જીમની કીટ નાખી પ્રજાની આંખમાં ધૂળ નાખવાનું કામ કર્યું છે. કોઈ જ પ્રકારનો માળખાકીય વિકાસ કરવામાં આવ્યો નથી. સે. ૨૮ના બગીચામાં પણ કોઈ જ નવીનીકરણ નહિ પણ ફક્ત ને ફક્ત બ્લોક નાખી લોકોને છેતરવાનું કામ કરવામાં આવ્યું છે.

સેક્ટર-૨૬ અને ૨૭ માસ ટ્રાન્સપોર્ટેશનની કોઈ જ વ્યવસ્થઆ નથી અને તેના પરીણામે લોકોને ભારે હાડમારી ભોગવવી પડી રહી છે. આ સેક્ટરોમાં ભાજપના કાઉન્સિલર શ્રીમતી જાગૃતિબેન પુરોહિતે વારંવાર રજુઆત કરી આંદોલનની રજુઆત કરી આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી પણ આજે પણ સીટી બસ ચાલુ થઈ શકી નથી. તે આનાથી વધુ નિષ્ફળતા શુ હોઈ શકે. તેમજ સે. ૨૬માં કોઈ જ સરકારી શાળા કે કોઈ પણ હેલ્થ સેન્ટર કોર્પોરેશન દ્વારા કે સરકાર દ્વારા રચવા માટેનો કોઈ ઠરાવ પણ થયેલ નથી તે દુઃખનીય છે, તેમજ સે. ૨૭ની સરકારી શાળાને સરકાર બંધ કરવા માટે જઈ રહી છે. જેથી જુના સેક્ટરના વિદ્યાર્થીઓને તેમજ ગ્રામ્ય વિસ્તારના બાળકોને દુર દુર સુધી શિક્ષણ લેવા જવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ ઉભું થાય એવું છે. જેથી આ સરકાર દ્વારા શૈક્ષણિક હક પર તરાપ મારવાનું કામ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. તેમજ સે. ૨૬ ગ્રીન સીટી અને કિશાનનગરમાં વારંવાર પાણીના ફોર્સની તકલીફ રહે છે. તેમજ તેમને ગ્રીન સીટીમાં પ્લોટ તો આપવામાં આવ્યા છે પણ જે સુવિધા ગાંધીનગરવાસીઓને મળે છે તે તેમને મળેલ નથી. આ સેક્ટરમાં શિક્ષણ-આરોગ્ય તેમજ વિકાસના આંતર માળખાકીય સુવિધાના કોઈ જ કામ કરવામાં આવ્યા નથી. ગાંધીનગમરાં બધે પાણી સરકાર આપે ત્યારે સેક્ટર-૨૬ ગ્રીનસીટીમાં પાણી જી.આઈ.ડી.સી. આપે એ પણ મોંઘુ આપે ત્યારે તંત્ર ચુપ બેસી રહે તે ક્યાનો ન્યાય છે. સે. ૨૫, ૨૬, ૨૮, જીઆઈડીસીનો કોઈ વાણીજ્ય વિકાસ કરવામાં આવ્યો નથી. તેના માટેના પણ પગલા કોર્પોરેશનમાંથી લેવામાં આવ્યા નથી. આ બધાની વચ્ચે ૧ ફાયર સેફ્ટી સેન્ટર ઉભુ કરવું જોઈએ જેથી જીઆઈડીસીમાં કોઈ મોટી ઘટના બને તો તે અટકે તેમજ કોઈ જ જીઆઈડીસીમાં વાણીજ્ય વિકાસ માટેના પગલા લેવામાં આવ્યા નથી.



ગાંધીનગર બેંક ઓફ બરોડા રિજીયને પ્રથમ વર્ષે જ ક્રેડિટ કાર્ડ રોટીંગ ટ્રોફી જાન્યુઆરી ૨૦૧૬ હાંસલ કરી છે. ગુજરાત ઝોનના વડા જનરલ મેનેજર આર.એન. શર્માના હસ્તે ગાંધીનગરના રિજીયોનલ હેડ આર.એમ. સકસેનાને આ ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમણે માર્કેટીંગ મેનેજર યશેષ વૈષ્ણવ આર.બી.ડી.એમ. જી.જે. ચૌહાણને પણ અભિનંદન આપ્યા હતા.